






કરે કૌભાંડ કરોડોમાં, એમની ભૂખ વધી છે,
નેતાઓનાં સગલાંઓમાં પણ ખાયકી વધી છે
વધી છે મોંઘવારી પણ એના અનહદ પાપે -
છૂટતી ન માયા, સત્તા ની લાલસા પણ વધી છે

કિંગ-ફિસર,
ડૂબ્યું દેવાનાં નશે -
ફસકી પડ્યું!
(સેવા લથડી)

સરકાર ના
જમાઇની સેવામાં -
'કેન્દ્રીય' કક્ષ..
(બચાવ પક્ષે)




## ચિંતન

**ધર્મ શનૈઃ સંચિનુયાદ્ વલ્મીકમિવ પુક્તિકાઃ ।**
**પરલોક સહાયાર્થે સર્વ ભૂતાન્ય પીડયન્ ॥**

'જે પ્રમાણે ઉધઇ, અત્યંત ધીરજ પૂર્વક ધીમે ધીમે, પોતાનો રાફડો બનાવે છે તે જ પ્રમાણે માણસે પણ સર્વ પ્રાણીઓની ત્રાસ-પીડા આપ્યા વિના, પરલોકમાં પણ મદદરૂપ થાય **એવી ગણતરીપૂર્વક, ધીમે ધીમે, શાંતિ અને ધીરજપૂર્વક ધર્મ અને પૂણ્ય સંચય કરવો જોઇએ.'**

જયાં કોઇ ખાસ પગરવ-હલનચલન ન હોય શાંતિ અને ગુફા જેવું એકાંત જ હોય ત્યાં ઉધ્ધઇ પોતાનું 'આસન' જમાવે છે અને કોઇ પણ આધાર વિના પણ એવો ઢગલા જેવો દંડ **ઉભો કરી દે છે ને એ ઉધ્ધઇની સિધ્ધિ-સફળતા છે.**

માણસે ધર્માચરણમાં પણ એવી કાળજી રાખવી પડે-કામ ભલે સારું અને સર્વના હિતમાં હોય, ધર્મોત્સવ હોય. દા.ત. 'નવરાત્રી' માતાજીની ગરબી-ગીત-રાસ અને ગરબા એક ધર્મોત્સવ જ છે. પણ પરીક્ષાના વાચન સમયમાં જ મોટા મોટાં સ્પીકરમાં ગવાતાં રાસ ગરબાનો અવાજ વિદ્યાર્થીને વિચલિત કરી દે અને વિદ્યાર્થીની માતાજીની પ્રત્યેની શ્રધ્ધા હલબલી જાય એટલા તેના નિશ્વાસ ધર્માચરણ કરનારા ઉત્સવી શ્રધ્ધાળુઓને કનડે છે.

મખમાખી પણ જેમ ધીમે મધ એકત્ર કરી મધપૂડો બનાવે છે એમ, કોઇને નૂકસાન કર્યા વિના-ધર્માચરણ શાંતિ-શ્રધ્ધા અને ધીરજપૂર્વક થવું જોઇએ.

## સુવિચાર

- **યુધ્ધના જેવું અસ્પષ્ટ ભાવિ જગતમાં બીજું એક પણ નથી, જે યુધ્ધ થાય છે તે બહુધા** મનુષ્યની માનવતાની નિષ્ફળતાને પરિણામે જ થાય છે **- બેનર લો**
- યુધ્ધ મનુષ્ય જીવન માટે ભયાનક પ્લેગ છે, તે ધર્મનો નાશ કરે છે રાષ્ટ્રોને બરબાદ કરે છે અને માનવીય પરિવાર અને માનવતાનો નાશ કરે છે **- માર્ટિન લ્યૂથર**
- મનુષ્ય નકારાત્મકતાની પરાકાષ્ટાને શિખરે પહોંચે ત્યારે વિનાશક વૃત્તિ જાગે છે અને પરિણામે 'યુધ્ધ' નો જન્મ થાય છે **- એસ. ભટાચાર્ય**
- આજ સુધી કોઇ સારું યુધ્ધ કે ખરાબ શાંતિ થયાં નથી **- ફ્રેંકલિન**
- યુધ્ધ પૂર્ણ થયા પછી ત્રણ સેના જન્મ લે છે (૧) અપંગોની સેના (૨) શોકગ્રસ્ત (૩) દુઃખદ મહિલાઓની સેના **- અનામી**
- **યુધ્ધને જ પોતાનો ધંધો બનાવનારાં કરતાં અધિક કુટિલ બીજું કોઇ જ નથી** **- મૈકિયા વેલી**

## બોધ કથા

આત્મબળ-મનોબળ મક્કમ હોય તો જ સિધ્ધિ પ્રાપ્ય થાય, પોતાના જીવન લક્ષ્ય પ્રત્યે જે ગંભીર રીતે પ્રયત્નશીલ અને સંકલ્પબધ્ધ હોય એને જ સફળતા મળે, કોઇની સૂચનાથી ધક્કા મારી સ્કૂલ-કોલેજ જતો વિદ્યાર્થી જીવનભર અથડાતો-કૂટાતો જ રહે છે.

૧૮૪૫માં હજુ સ્વાતંત્ર્ય ચળવળે જોર પકડ્યું ન હતું. અંગ્રેજી પગપસારો વધતો જતો હતો. ત્યારે સમજુ-જાગૃત દેશવાસી વિદ્વાન-શિક્ષકોએ લોકજાગૃતિ અને શિક્ષણનું કાર્ય શરૂ કરી દીધું હતું.

એક તપોવન જેવી સંસ્કાર શાળામાં એક દેશપ્રેમી ગુરૂએ જાગીરદારો અને રાજકુમારોને તાલીમ આપી દેશપ્રેમ સાથે શિક્ષણ આપવાનું શરૂ કર્યું. ગુરૂજીએ દેશપ્રેમ અને રાષ્ટ્રભક્તિના કેટલાંક વાક્યો તૈયાર કરી દરેક વિદ્યાર્થી પાસે તે બોર્ડ પર લખાવતા અને પછી તેના પર પાંચ મિનિટ બોલતા. એક નાની રાજકુંવરી આવી એને ગુરૂજીએ એક વાક્ય આપ્યું. 'મૈં બહાદુર બનુંગી' આ લખો. એ રાજકુંવરીએ આ વાકય સુધારીને આમ લખ્યું : '॥ મૈં બહાદુર હૂં ॥' ગુરૂજી આ સુધારો જોઇ ખૂબ જ પ્રભાવિત થયા. આ રાજકુમારી મોટી થઇને ઝાંસી કી રાણી લક્ષ્મીબાઇ થઇ.

# ગામડું આટલું સૂનકાર અને ભેંકાર હશે એવું તેણે વિચાર્યું પણ નહોતું, બસસ્ટેન્ડ પર જરાક ભીડ હતી, શું આ ગામડાંમાં વસ્તી ફક્ત બસ સ્ટેન્ડે જ હોતી હશે, તેને વિચાર આવ્યો

**નવાં કલેવર**
**- નટવર હેડાઉ**

બસમાંથી ઉતરીને તેણે બસ સ્ટેન્ડમાં આમતેમ નજર દોડાવી. તે નક્કી નહોતો કરી શકતો કે કોને પૂછવું. વિચારતાં વિચારતાં તેની નજર ભણેલ ગણેલ લાગતાં એક વ્યક્તિ પર પડી. એ તેની નજીક આવ્યો અને પૂછ્યું.

'અહીં સરપંચ કોણ છે?'

'કયાંનો સરપંચ?'

'ભાઈ, આ ગામનો...'

'ખબર નથી.'

થોડે આગળ નીકળીને ધોતિયું અને ખમીશ પહેરેલ અને સફેટ ફેંટો બાંધેલ વ્યક્તિને તેણે આ જ સવાલ પૂછ્યો. જવાબ મળ્યો.

'મને શું ખબર...'

'પછી એક રેંકડીવાળાને પૂછ્યું તો તેણે ટાયરમાં હવા ભરવાવાળા તરફ ઈશારો કર્યો.'

તે હવા ભરવામાં વ્યસ્ત હતો. એમ લાગ્યું કે જાણે એણે સાંભળ્યું જ નથી. થોડીવાર ઉભા રહી રાહ જોયા પછી ફરીથી પૂછ્યું તો એવો અજાણતા બતાવતાં માથું હલાવી દીધું.

તે પાછો જરા જોઈને ચાલોને...

'માફ કર જો સાહેબ, મારું ધ્યાન કયાંક બીજે હતું.'

'કયાં?'

'સરપંચમાં'

'હાં, તમને ખબર છે અહીં સરપંચ તો કોણ છે?'

'અહીંનો નહીં અહીં ની બોલો'

'કેમ'

'કેમ કે સરપંચ પુરૂષ નથી સ્ત્રી છે.'

'તેનું નામ શું છે?'

'મને ખબર નથી.'

'સારૂં તેનું ઘર કયાં છે?'

ખબર નથી.

હવે તો પાકો રોડ છોડી ગામની શેરીઓમાં આવી ગયો. પહેલાં ડાબી તરફ વળ્યો પછી જમણી તરફ. આમ આગળ વધતાં એ શેરીનાં વળાંક પર પહોંચી ગયો. તેને આખું ગામ ખાલી ખાલી હોય એવું લાગ્યું. કદાચ લોકો બહાર ગામ ધંધે જતાં રહ્યાં હશે. એવો તેને વિચાર આવ્યો.

ગામડું આટલું સૂનકાર અને ભેંકાર હશે એવું તેણે વિચાર્યું પણ નહોતું. બસસ્ટેન્ડ પર જરાક ભીડ હતી. શું આ ગામડાંમાં વસ્તી ફક્ત બસ સ્ટેન્ડે જ હોતી હશે. તેને વિચાર આવ્યો.

શેરીનાં વળાંક આગળ ચબૂતરાના ઓટલે કંઈક સમજું લાગતી સ્ત્રી બેઠેલી હતી. તેને હિંમત કરીને તેને પૂછ્યું.

'સરંપચનું ઘર કયાં છે?'

'કયાંથી આવો છો.'

'અમદાવાદથી...'

'ત્યાં શુ કરો છો.'

'ભણું છું. બી.એ.માં'

'અહીંયા પહેલીવાર આવ્યા લાગો છો.'

'હાં, પણ તમે આટલી બધી ઉલટતપાસ કેમ કરો છો...' હાં એટલો વિશ્વાસ રાખજો હું સરપંચ પર હુમલો નહીં કરૂં. છતાં ના કહેવું હોય તો ના કહેતા. એટલું કહીને એ ચાલવા લાગ્યો. પણ માંડ બે ડગલાં ચાલ્યો હશે ત્યાં તેણે બૂમ પાડ. તે અટકી ગયો.

થોડે દૂર સીધા ગયા પછી ડાબી બાજુ વળવું પડશે. એ શેરીમાં થોડે આગળ ગયા પછી ખૂણા પર એક પીપળાનું ઝાડ છે. તેની પાસે એક મંદિર છે. મંદિરની પાસે જે એક મોટો દરવાજા વાળું મકાન છે. એ જ સરપંચ મફતલાલ પટેલનું ઘર છે. તેણે આ વાત તેને એ રીતે કે જાણે તેની ઉપર એ મોટો ઉપકાર કરી રહી હોય.

આ સાંભળીને તેને આશ્ચર્ય થયું. સ્કૂટરવાળાએ તો તેને કહ્યું કે સરપંચ કોઈ સ્ત્રી છે. જયારે આ સ્ત્રી કહે છે કે સરપંચ મફતલાલ પટેલ છે. છતાં તે તેમાં બતાવ્યાં મુજબ આગળ વધ્યો. અને બતાવેલ જગ્યાએ પહોંચી ગયો.

બારણું ખખડાવતાં એક છોકરો બહાર આવ્યો તેણે પૂછ્યું.

'શું છે?'

'મારે સરપંચને મળવું છે.'

'આવો.'

'તેણે બારણું ખોલ્યું.' પછી બેઠક રૂમમાં બેસાડી રાહ જોવાનું કહી અંદર જતો રહ્યો.

છેવટે સરપંચને શોધી જ કાઢ્યો. એવો તેને વિચાર આવ્યો. તે જરા ખુશ થયો.

થોડીવાર પછી સરપંચ ઉપસ્થિત થયા. સફેદ ઝભ્ભો ને ધોતિયું માથે ટોપી પહેરેલી હતી. તેને થયું કે આ સરપંચ છે કે મિનિસ્ટર તે એકદમ ઊભો થઈ ગયો, અને હાથ જોડી પગે લાગ્યો. તે બેઠો એટલે એ પણ બેસી ગયો. વાતચીત હવે કંઈક આ રીતે શરૂ થઈ.

'બોલો કેમ આવવું થયું?'

'સર, મારૂં પોતાનું કંઈ કામ નથી.'

તેનો મતલબ કે તમે સાચા લોકસેવક છો. પોતાને બદલે બીજાનું વિચારો છો.

'સર, હું લોકસેવક નથી.'

'તો પછી કયા પક્ષમાં છો.'

'હું કોઈ પક્ષમાં પણ નથી.'

'તો...'

'સર, હું તો એક સ્ટુડન્ટ છું. ગુજરાત યુનિવર્સિટીનો.'

'સ્ટુડન્ટને મારૂં શું કામ હોય?'

'સર, કામ છે તેથી જ તમારી પાસે આવ્યો છું.'

કામ કરવાનું મારા માટે મુશ્કેલ નથી. અરે! કામ ગાંધીનગરનું હશે તો પણ થઈ જશે. કેમ કે, અત્યારે અમારા જ પક્ષની સરકાર છે. પણ હાં, તારે જે ખર્ચો કરવાનો થાય એ કરવો પડે...

'હું'

'તો બોલો શું કામ છે?'

સર, આ ગામનો મારો એક મિત્ર છે. તે મારી સાથે ભણે છે. તેને મૂલ રહેવાસી તરીકેના દાખલાની જરૂર પડી છે. જો તમે એવો દાખલો આપી દો તો. બહુ મહેરબાની થશે.

'તારો મિત્ર પોતે કેમ ન આવ્યો.'

'સર, એ બિમાર છે. મામલતદાર પાસે મૂળ રહેવાસીનું પ્રમાણપત્ર મેળવવાની તાત્કાલિક જરૂર પડી. જે સરપંચના દાખલા વગર મળે નહીં.' તેથી તમારી પાસે આવ્યો છું. તેને મદદરૂપ થવા માટે.

'તેનું નામ શું છે?'

'સર, માનસંગ ગામીત'

આ સાંભળી એ ગંભીર થઈ ગયો. થોડીવાર એમ જ ચૂપચાપ બેસી રહ્યો. છેવટે તેણે જવાબ આપતાં કહ્યું.

'હું આ કામ ન કરી શકું.'

'સર, એવું ના કહેશો. વધુ નહીં તો હું આ કામ માટે તમને સો એક રૂપિયા આપી દઈશ.'

એવી વાત નથી.

'તો પછી...'

'જૂઓ હું ભૂતપૂર્વ સરપંચ છું. ગયા વખતે પંચાયતની ચૂંટણીમાં અહીં સરપંચ માટે અનુસૂચિત જનજાતિની મહિલા માટે આરક્ષિત સીટ હતી. તેથી અહીં મહિલા સરપંચ છે.'

'તેનું નામ શું છે?'

'રમલી ગામીત'

'કયાં રહે છે?'

ગામની બહાર ટેકરી ઉપર, આટલી માહિતી મળતાં એ નમસ્કાર કરી ચાલી નીકળ્યો. તેને એ સમજાતું નહોતું કે આ ભૂતપૂર્વ સરપંચે તેનો આટલો સમય બગાડ્યો શું કામ.

પૂછતાં પૂછતાં એ ગામીત વાસમાં પહોંચી ગયો. ત્યાં ટેકરી પર રમલી ગામીતના ઘરે જઈ જોયું તો તાળું મારેલું હતું. પાડોશીઓને પૂછતાં જાણવા મળ્યું એ બકરાં ચરાવવા જંગલમાં ગઈ છે. અને તેનો ઘરવાળો કોઈ ફેકટરીમાં કામ પર ગયો ત્યાં એ મજુરી કરે છે.

તેનું માથું ભમવા લાગ્યું. હવે કરવું શું? ફ્રેન્ડનું આટલું અમથું કામ પણ જો ન થયું તો જિંદગીભરનો પસ્તાવો રહેશે. પોતે એમ હાર માનવી ન જોઈએ. એમ વિચારીએ રમલીને શોધવા નીકળી પડ્યો.

તેના પાડોશીઓ પાસેથી તેને જાણવા મળેલું કે તળાવની પાસેથી જે રસ્તો ઉત્તર તરફ જાય છે. એ બાજુ રોજ જંગલમાં બકરીઓ લઈને એ જાય છે અને સાંજે પાછી આવે છે.

તે એ દિશામાં આગળ વધ્યો. થોડે દૂર ગયા પછી રસ્તાની બાજુમાં એક બે છોકરીઓ તેણે ગાયભેંસોને હાંકીને લઈ જતી જોઈ. પણ બકરાં ચરાવતી કોઈ મળી નહીં. તે ચાર પાંચ કિલોમીટર આગળ આવી ગયો હતો. પણ બધું નકામું હતું. તે થાક્યો એટલે એક ઝાડની નીચે બેસી ગયો. તેને એ વાતનો પસ્તાવો થયો કે સરપંચને શોધવાની તેની આ રીત ખોટી નહીં પણ મુર્ખતાભરી હતી. જેનો ચહેરો તેને ખબર થી તેને જંગલમાં શોધવી એ રેતમાં સોય શોધવા જેવું છે. એવો તેને વિચાર આવ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# લગ્ન એટલે... પ્રેમનો ધી એન્ડ ??

## ખુદા, તારી કસોટીની પ્રથા સારી નથી હોતી, પરણેલા હોય છે એની દશા સારી નથી હોતી

**Hello ફ્રેન્ડસ!**
**- સંજય થોરાત**

'બર્ફી' પિકચર જોઇને થિયેટરમાંથી બહાર નીકળ્યો ત્યારે ઘણાં 'લવબર્ડ્સ' બહાર નીકળતાં હતા એટલે જરા અમસ્તુ બે એક જણને પૂછ્યું કે, ખાલી ટાઈમપાસ કરો છો? પ્રેમ કરો છો અને પછી લગ્ન પણ કરવાનાં છો?' એ લોકો ખડખડાટ હસી પડ્યાં. ધબ્બો મારીને બોલ્યા સરજી કઇ દુનિયામાં જીવો છો. ગર્લફ્રેન્ડ - બૉયફ્રેન્ડ હોવું એ હવે સામાન્ય વાત છે, પ્રેમ કરીએ છીએ, અને એકબીજાને ગમીએ છીએ એટલે તો 'બર્ફી' નો સ્વાદ લેવાં આવ્યાં છીએ... પણ લગ્ન, ના હો એનો વિચાર નો કર્યો જ નથી, લગ્ન એટલે... તો પ્રેમનો ધી એન્ડ થઈ જાય!!

યંગસ્ટર્સની વાત સાંભળી બર્ફીનો સ્વાદ કડવો થઈ ગયો, પણ ધીમે ધીમે ખબર પડતી ગઇ કે ઉપરનું વરખ કડવું છે, બર્ફી તો મીઠી જ છે!! આજના ઉછળતાં ધોધ જેવાં છોકરાં-છોકરીઓને જો પૂછશો કે એકબીજાને પ્રેમ કરો છો? એટલે લગ્ન થશે? કે લગ્ન કરવું જ જોઈએ તો એમનાં જવાબો અત્યંત નિખાલસ અને મજાનાં મળે છે!! પ્રેમમાં પડનારાં આજની પેઢીનાં યંગસ્ટર્સ કોઈ કાયટેરીયામાં માનતાં નથી. પ્રેમનાં અંતે લગ્ન થવાં જ જોઈએ, એવો વિચાર કરીને કોઈ એકબીજાનાં પ્રેમમાં પડતું નથી!!

પ્રેમ કરવો અને લગ્ન કરવું એ બંને અલગ વાતો છે એવું મનાય છે. પ્રેમમાં પડ્યાં પછી લગ્ન સુધી આ ગાડી પહોંચશે એવું લાગે તો જ આ પ્રેમી હંસોની જોડી એકબીજાને લગ્ન વિશે પૂછશે... હવે આજે એકબીજાને ચોંટીને બાઈક પર ફરતાં છોકરાં-છોકરીઓ, ફિલ્મોમાં પેપ્લી કે પોપકોર્ન ખાતાં કે પિકનિક, નાટ્કમાં, ભણવામાં સાથ નિભાવતાં પ્રેમ કરવો એ સહજ વાત બને છે. આ પ્રેમી જોડીઓ એટલે કે બૉયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ આની સાથે લગ્ન કરશે જ. એવું માની કયારેય પ્રેમ કરતાં નથી કે સાથે ફરવાં જતાં નથી!!



આમ તો આ વાંચીને ઘણાંને જરાં વિચિત્ર અને આશ્ચર્યજનક પણ લાગશે અને આ વૅસ્ટર્ન કલ્ચરમાં હશે આપણાં ત્યાં નહીં, જેવી દલીલ પણ કરશે, પણ ના, આ તદ્દન સાચી વાત છે અને આપણાં આસપાસ બનતી જ વાત છે. આનું મુખ્ય કારણ એ છે કે આપણું સાહિત્ય, સિનેમા, કથા-વાર્તા ના અંતે પ્રેમમાં તો લગ્ન થતું જ બતાવાય છે. એટલે પ્રેમમાં પડ્યાં એટલે લગ્ન કરવું જ પડે અથવા લગ્ન જ થાય એવો વણલખ્યો નિયમ સૌનાં દિલોદિમાગ પર ઘર કરી ગયો છે. પણ અત્યારની પરિસ્થિતિ અલગ છે. શહેરની યુવા બ્રિગેડ આવો વિચાર કરતી નથી!!

ગ્રામ્ય વિસ્તાર કે નાના ટાઉનની સમસ્યા અલગ છે. ત્યાં પ્રેમમાં પડ્યાં પછી લગ્ન ન થવા પાછળ જાત - ધર્મ - આર્થિક સ્તર એવાં કારણો આડાં આવે છે. અને આ કારણોથી સાચાં પ્રેમ કરનારા પણ લગ્ન સુધી પહોંચી શકતાં નથી. કયારેક કોક સાચાં બળવાખોર પ્રેમી પંખીડા ઘર - મિલ્કત - સમાજની કુર્બાની આપી નીકળી પડે છે અને સાચો સંસાર જીવી પણ બતાવે છે!!

શહેરી જીવનને અનેક મોર્ડન વાતોનો રંગ લાગ્યો છે એમ જ યુવક-યુવતીઓ પ્રેમ અને લગ્નને અલગ વાતો માની જ ચાલે છે. પ્રેમમાં પડે ત્યારે લગ્નનો વિચાર મનમાં નહોતો, આવું કહેનારા મળશે. આજનાં છોકરાં - છોકરીઓમાં એક બે અફેર્સ લગ્ન પહેલાં હોવાને પણ બહુ મહત્ત્વ આપતાં નથી કે ગંભીરતાની લેતાં નથી... કૉલેજ - ઑફિસમાં પ્રેમ પ્રકરણ હોવુ કે હશે કે હતું એ વાત બહુ મૅટર કરતી નથી અને જો લગ્ન કરવાં હોય તો જૂની વાતોની કડાકૂટમાં પડતા પણ નથી!!

આ બધી વાતોને કઈ રીતે લેવાય છે એ મહત્ત્વનું છે, આપણે આને પ્રેક્ટીકલ લવ જ કહી શકીએ!!

સોળ-સત્તર વર્ષે પ્રેમમાં પડવું અને પચ્ચીસમે વર્ષે લગ્ન કરવાં એમાં ઘણું અંતર હોય છે. વિચારોનું, ભેળસેળનું, આવેગનું, ઈચ્છા-અપેક્ષા દરેક વસ્તુ પલટાતી રહે છે. પ્રેમ એ ગમે તેટલું સુખદ, લાગણીશીલ અને પ્રામાણિક હોય તો પણ છોકરો-છોકરીનાં વિચાર, અપેક્ષા અને કરિઅર એટલું જ પ્રામાણિક હોય છે એની કલ્પના આજની પેઢીને છે... એમનાં નિર્ણયનાં જેટલું એમનું મન હોય છે એટલી જ એમની બુધ્ધિ હોય છે... કયારેક એમનાં નિર્ણયો સાચા હોય છે તો કયારેક ફસાઈ પણ જવાય છે!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૦મી ઓકટોબર**



- વિશ્વપ્રસિધ્ધ સાહિત્યકાર આર. કે. નારાયણનો જન્મ. ૧૦-૧૦-૧૯૦૬.

'સ્વામી એન્ડ હિઝ, ફ્રેન્ડઝ' પહેલી નવલકથા, લોકજીવનનું વર્ણન કરતી, 'માલગુડી ડેઝ' લોકપ્રિય કૃતિ, ધ ગાઇડ પરથી 'ગાઇડ' ફિલ્મ બની. 'ભાર વગરનું ભણતર' નો વિચાર નારાયણનો હતો. પદ્મભૂષણ, મહાન સર્જક, ૨૦૦૧માં અવસાન થયું.

- ઉત્તર ધ્રુવ પ્રદેશના દ્વાર ખોલનાર સાહસ સફરી અને માનવતાવાદી રાજદ્વારી સિજોફ નાનસેનની જન્મજયંતિ. કપ્તાન તરીકની એમી કારકિર્દી આજે ય અજોડ મનાય છે.
- ૧૯૧૩ - ઇજનેરી અજાયબી, ૫૧ માઇલ પનામા નહેર ખુલ્લી મુકાઇ.
- ૧૭૩૧ - હાઇડ્રોજન વાયુનો શોધક હેવેન્ડીશનો ઇંગ્લેન્ડમાં જન્મ.
- ૧૮૯૯ - સામ્યવાદી નેતા શ્રીપાદ અમૃત ડાંગેનો જન્મ.
- ૧૮૯૪ - અગ્રણી અર્થશાસ્ત્રી ડો. લોકનાથનો જન્મ.
- ૧૯૫૬ - કોયલી રિફાઈનરીનું ઉદ્‌ઘાટન જુદા જુદા ધર્મના કામદારોના હાથે કરવામાં આવ્યું.

# જે આપણા માટે "વધારાનો સામાન" છે તે સામાન બીજાના માટે જીવન જીવવાનું સાધન બની જાય, એમ પણ બને!

**પારિજાત**
**- રેખા ભટ્ટ**

**"અહલી દેજો પહલી દેજો**
**મોટા ઘરનું માણું દેજો,**
**માણામાંથી પાલી દેજો,**
**પાલીમાંથી ખોબો દેજો,**
**ખોબામાંથી ધોબો દેજો,**
**ધોબામાંથી મુઠ્ઠી દેજો**
**મુઠ્ઠીમાંથી ચપટી દેજો..."**

આ જોડકણું આપણે સૌએ સાંભળેલું છે. કેટલીયે વાર ગાયેલું છે અને બાળકોને ગવડાવેલું પણ છે... એટલી સરસ 'રીધમ' વાળું જોડકણું છે કે સૌને આખ્ખે આખ્ખું મોંઢે હશે. પણ જોડકણું એટલે જોડકણું. બે ઘડી આનંદ! મોજમાં હોઇએ તો ગાઇએ હીંચકાની ઠેસ લગાવીને બાળકને ઝૂલાવતાં ઝૂલાવતાં! વળી, એથી વધારે શું?

સાંજ પડ્યે, ઘરે આવીને ફ્રેશ થઇને જમી કરીને બેસીએ, ટીવીનો રિમોટ હાથમાં માંડ લીધું હોય, અને ત્યાં જ બહારથી બૂમ સંભળાય, "કંઇ વધ્યું ઘટ્યું હોય તો આપજો! સવારની રોટલી શાક વધ્યાં હોય તો આપજો! - અને આપણો પિત્તો છટકે છે," ભાગો અહીંથી, માગવા નીકળી પડ્યાં! ધૂત્કારીને કાઢી મુકીએ છીએ. અંધારામાં ઉભેલાં એ માગનારાંનાં ચહેરા પર બરાબર દેખાતા નથી. અને એ ચાલ્યાં જાય છે.

ખરેખર, ઘરમાં કશું નથી? બે પીપ ભરીને ઘઉં, ચોખા, તેલ, ગોળ, ઘી, લોટ... કેટલાય દિવસથી ડબ્બામાં ફરતા જાત જાતના નાસ્તાં, ચવાણાં, બિસ્કીટ, મીઠાઇઓ...

સામે ચાલીને કશું વહેંચવા ન જઇએ પણ કોઇ લાચારીથી વધ્યું ઘટ્યું ખાવાનું માગે છે એ આપવાની પણ આપણી તૈયારી નથી?

એમાં વળી હવે દિવાળીના તહેવારો નજીકમં છે. ગૃહિણીઓ પરસેવે રેબઝેબ થઇને બધી ઘરવખરી ઉતર તળે કરી મુકશે. સાફસફાઇ કરી પાછી બધી ઘરવખરી યથાસ્થાને ગોઠવશે. એમાં એવી કેટલીયે ચીજ-વસ્તુઓ હશે જેનો વર્ષો સુધી ઉપયોગ કર્યો નથી. વરસોવરસ એ વધારાનો સામાન બહાર તડકે ચઢીને સાફસૂફ થઇને પાછો માળીયે પહોંચી જશે - તે આવજો આવતું વરસ વહેલું! પણ જે આપણા માટે આજે જરૂરી નથી તે કયારેય જરૂરી નથી. તો એને સાચવ્યા કરતાં જેને ખપ હોય તેને આપ્યું હોય તો કેટલું સારું? પણ, આપમો જીવ ચાલતો નથી અને ઘરનાં માળીયાં, કબાટો, રસોડાનાં ખાનાંઓ ઉભરાય છે કામની - ના કામની ચીજ વસ્તુઓથી.

એક સાધુ નદી કિનારે ઝૂંપડી બનાવીને રહેતો હતો. નદીમાં પૂર આવ્યું ત્યારે એણે કંઇક ચળકતી વસ્તુ તણાતી આવતી જોઇ એટલે એ લેવા માટે સાધુ નદીમાં કૂદી પડ્યો અને નજીક જઇ જોયું તો ચાંદીનું મોટું વાસણ હતું. એટલે એ વાસણ બે હાથે પકડી લઇ તરતો તરતો કિનારા તરફ આવવા લાગ્યો. પણ પાણીનું વ્હેણ વધારે હતું એટલે એક હાથે ચાંદીનું વાસણ પકડીને, બીજા હાથે તરતો તરતો આવવા લાગ્યો. તેમ છતાં ભયંકર પ્રવાહમાં જાતને બચાવવી મુશ્કેલ લાગી એટલે જીવ બચાવવા ચાંદીનું વાસણ છોડી દીધું અને જેમ તેમ કરીને કિનારે પહોંચ્યો. કિનારે હેમખેમ ઉતરીને પાણીમાં નજર કરી તો પેલું ચાંદીનું વાસણ તણાતું જતું હતું. એટલે બોલી ઉઠ્યો,

"અરેરે, મારૂં ચાંદીનું કિંમતી વાસણ એ તણાતું જાય!"

બાજુમાં બીજા એક સાધુ બેઠેલા તે આ જોયા કરતા હતા, તે હસી પડ્યા અને કહેવા લાગ્યા, "ભાઇ! એ ચાંદીનું વાસણ તો તણાતું તણાતું એના રસ્તે જતું હતું. તે થોડીવાર માટે એને પકડ્યું જીવ હતું. તે થોડીવાર માટે એને પકડ્યું અને જીવ બચાવવા છોડી દીધું! બસ, એટલી વારમાં એ તારૂં થઇ ગયું?"

"ઇશ્વરે તારી પાસે જે વસ્તુ મોકલી એનો આનંદ લે એ બરાબર, પરંતુ તારી પાસેથી જતું રહે તો એટલા જ આનંદથી જવા દે!"

આપણે સૌ પણ આપણી પાસેથી બધી જ વસ્તુઓનો ખૂબ આનંદ લઇએ પણ આપણા માટે બિનઉપયોગી બની જાય ત્યારે વરસોવરસ માળીયામાં ભરવા કરતાં બીજાને આપી દેવા જેટલી ઉદારતા પણ રાખીએ. જે આપણા માટે "વધારાનો સામાન" છે તે સામાન બીજાના માટે જીવન જીવવાનું સાધન બની જાય. એમ પણ બને! જૂના કપડાં, ચાદરો, ફર્નિચર, વાસણો, આપણા માટે બોજ છે તે જરૂરિયાત વાળાંઓ માટે જીવનની જરૂરિયાત છે - તો, સાચા અર્થમાં દિવાળીની સાફસફાઇ કરી "હળવાંફૂલ" થઇ જઇને અને થોડાંક ઉદાર બની જઇએ તો કેટલાંયેની દિવાળી ઉજવાય એમાં આપણે ભાગીદાર હોઇશું - અને એનો પણ આનંદ છે.

પરસ્પર સૌનો આનંદ થાય એનું નામ 'દિવાળી' - આનંદનું - ઉલ્લાસનું પર્વ - એને જ કહેવાય. તો, કયારે ઉજવો છો દિવાળી?

**"આપ્યું તે આપણું**
**રાખ્યું તે રાખનું."**